ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૨૬/૧૯–૨૦/ ૨૨૦૨ તારીખ 26 JUN 2020

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી ખોડીફાડ ભરતભાઈ ડાયાભાઈ**
મું.વાળુકડ,
તા.ઘોઘા,
જી.ભાવનગર.
**મો.નં.**

કેસ નં.૧૨૬/૧૯–૨૦

**વિષય : નવું ખેતીવાડી કનેકશન આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૯/૧/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૩૦/૧/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૨૬/૧૯–૨૦/૫૮૫ તા. ૦૩/૦૨/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૨૬/૧૯–૨૦/૧૮૨૫ તા. ૦૪/૦૬/૨૦.
(૪) ડીએમ–૧/પીજીવીસીએલ/વાલુકડ/તા.ઘોઘા/ઈ.નં.૧૯૦૮૯/૧૯ તા.૪/૭/૨૦૧૯.
(૫) વીએલસીડી/ટિક/૨૫૧ તા.૨૦/૧/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૧૬/૦૬/૨૦૨૦ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
ગ્રામ્ય વિભાગીય કચેરી, **ભાવનગર.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, ભાવનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વરતેજ.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર -૧૨૬/૧૯-૨૦**

વાદી :- શ્રી ખોડીફાડ ભરતભાઈ ડાયાભાઈ

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :- પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

**રજુઆતની તારીખઃ- તા.૧૬/૦૬/૨૦૨૦**

હાજર રહયા :- **શ્રી ખોડીફાડ ભરતભાઈ ડાયાભાઈ** -(વાદી પોતે )

પ્રતિવાદી :- શ્રી પી.સી.પંચાલ, કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી ખોડીફાડ ભરતભાઈ ડાયાભાઈ, મું.વાળુકડ, તા.ભાવનગર, જી.ભાવનગર ની નવું ખેતીવાડી કનેકશન આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૨૬/૧૯-૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૨૬/૧૯-૨૦/૫૮૫ તા. ૦૩/૦૨/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૬/૦૬/૨૦૨૦ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી વતી શ્રી ખોડીફાડ ભરતભાઈ ડાયાભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી પી.સી.પંચાલ, કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆતઃ- ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ શ્રી ખોડીફાડ ભરતભાઈ ડાયાભાઈ, રહે. વાળુકડ, ની ખાતે સર્વે નંબર ૨૨૫ પૈકી ૨ માં નવું ખેતી વિષયક વિજ જોડાણ મેળવવા બાબત.

૧.૨ અમોએ તમામ રકમ ભરપાઈ કરી આપેલ છે તથા અન્યો દ્વારા વાંધો ઉઠાવવામાં આવતા તે બાબતે પણ કલેકટરશ્રી દ્વારા નવેસરથી સર્વે કરવા હુકમ કરેલ હોઈ અમારી માંગણી મુજબની રીતે કનેક્શન આપવા વિનંતી.

..૩..

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજૂઆતઃ– તેમની રજૂઆત છે કે,</u>**

૨.૧ વાદી દ્વારા તા ૭/૦૫/૨૦૧૮ ના રોજ સર્વે નંબર – ૨૨૫ પૈકી ૨ પર નવું ખેતીવાડી વિજ જોડાણ મેળવવા વરતેજ પેટા વિભાગીય કચેરીએ અંદાજપત્ર ભરપાઈ કરેલ હતું. સદર વિજ જોડાણ ના લાઈન કામમાં બાજુ વાળા દ્વારા લેખિત વાંધો દર્શાવતા સદર કેસ ફાઈલ માન. કલેકટર સાહેબશ્રી સમક્ષ મૂકેલ. જેની સુનાવણી બાદ વાંધો કરનાર ની રજૂઆત ને ગ્રાહય રાખી નવો વિજ પથ મુકરર કરવા આદેશ કરેલ હતો,

૨.૨ ત્યારબાદ હુકમના અનુસંધાને વરતેજ પેટા વિભાગીય કચેરી ના નાયબ ઈજનેર દ્વારા જુ.ઈ તથા અન્ય કર્મચારીને સાથે રાખી તા. ૧૭/૦૧/૨૦૨૦ ના રોજ રી સર્વે કરવા હાજર થયેલ. સ્થળ પર રી સર્વે માટે અરજદાર ના પ્રતિનિધિ તરીકે શ્રી ભરતભાઈ ડાયાભાઈ ખોડીફાડ, શ્રી હિંમતભાઈ અને પિતાશ્રી ડાયાભાઈ હાજર રહેલ. સ્થળ નિરીક્ષણ કરી, તપાસ કરતા માંગણી વાળા સર્વે નંબર નજીકમાં તે જ સર્વે નંબરના પૈકી ભાગ માં એક ખેતીવાડી વિજ જોડાણ તેમના ભાઈ શ્રી હિંમતભાઈ ડાયાભાઈ ના નામે લાખણકા એજી ફીડરમાંથી એલ.ટી.લાઈનમાંથી હાલ ચાલુ છે, આમ નવા વિજ જોડાણનું રી સર્વે તમામ સ્થળ પરિસ્થિતિ ને ધ્યાને લઈ, લાખણકા એજી. ફીડર પરના પોલ નં–૧૫૭/આર –૨૩૪ પરથી અરજદાર ના પ્રતિનિધિઓ ની હાજરી માં કરેલ હતું. જે રી સર્વે બાબતે ખેતર માલિક સાથે અરજદાર ના પ્રતિનિધિ દ્વારા ટેલીફોનીક મંજૂરી મેળવેલ હતી, સર્વે દરમ્યાન હાજર પ્રતિનિધિઓને નવા મુકરર કરેલ વિજ પથ મુજબના સર્વે પત્રમાં સહી કરવા જણાવતા, તેઓ દ્વારા સહી કરવાની સ્પષ્ટ ના પાડેલ હતી.

૨.૩ ત્યારબાદ સદર બાબતની નાયબ ઈજનેર, વરતેજ પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદાર લેખિતમાં માં જાણ પણ કરેલ છે અને માન. કલેકટર સાહેબશ્રી ના હુકમ મુજબ નવેસરથી સર્વે કરેલ પરિપથ મુજબ સહકાર આપેલ ના હતો. તથા વધુમાં અરજદારને પૂછતાં, તથા સ્થળ પર નિરીક્ષણ મુજબ તેઓને અન્ય વિજ ફીડર પરથી વિજ જોડાણ મેળવવું છે, તેવું જાણવા મળેલ હતુ. આમ, અલગ અલગ વિજ ફીડરો માંથી કનેકશન આપવામાં આવે તો, ભવિષ્યમાં અકસ્માત થવાની સંભાવના રહેલ છે. પરંતુ તેઓ દ્વારા લાખણકા એજી. ફીડર પરથી કરેલ રી સર્વે માં સહકાર આપેલ નથી. આમ, જો તેઓને ખેતરની ચારેય બાજુ પર વાંધો હોય તો, તેઓના બાજુના ખેતરમાં તેઓના ભાઈનું વિજ જોડાણ લાખણકા ફીડરમાંથી જ હાલ ચાલુ છે અને એલ.ટી. વિજ લાઈન પણ આવેલ છે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

☛ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ શ્રી ખોડીફાડ ભરતભાઈ ડાયાભાઈ મું. વાળુકડ, તા.ઘોઘા માં સર્વે નંબર ૨૨૫ પૈકી ૨ માં નવા ખેતી વિજ જોડાણ માટે તા.૨૫/૦૧/૨૦૧૬ ના રોજ ૭.૫ એચ.પી. નું ખેતી વિજ જોડાણ માંગેલ. જે માટે નું અંદાજપત્ર પ્રતિવાદી એ આપતા વાદી એ તેનું અંદાજપત્ર તા ૭/૦૫/૨૦૧૮ ના રોજ ભરપાઈ કરી આપેલ.

૩.૨ પ્રતિવાદી તરફથી વાદી ના વિજ જોડાણ માટે કામ શરૂ કરતા સમયે બાજુના ખેડૂત ખાતેદાર મુકેશભાઈ મગનભાઈ ઈટાળીયા તથા અન્યોએ લાઈન કામ તેમજ થાંભલા ઉભા કરવા સામે વાંધો લીધેલ, આથી પ્રતિવાદી એ જીલ્લા મેજીસ્ટ્રેટ સમક્ષ રેફરન્સ કરી કેસની સુનાવણી માટે રજૂઆત કરેલ.

૩.૩ જીલ્લા મેજીસ્ટ્રેટ એ તા. ૪/૭/૨૦૧૯ ના તેના હુકમમાં જણાવેલ કે, ખોડીફાડ ભરતભાઈ ડાયાભાઈ ને નવેસર સર્વે કરી પ્રવર્તમાન જોગવાઈ ને આધિન વિજ પથ મુકરર કરી કાર્યવાહી કરવી.

૩.૪ પ્રતિવાદી એ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી ના હુકમ મુજબ તા.૧૭/૦૧/૨૦૨૦ ના રોજ વાદી ના ભાઈ શ્રી ભરતભાઈ તેમજ પિતાશ્રી ડાયાભાઈ ની હાજરીમાં વાદી ના વિજ જોડાણ માટેનુ રી સર્વે કરીને સ્થળ પર સુચિત લાઈન નો નકશો બનાવેલ. જેમાં, વાદી ના પ્રતિનિધિ એ સહી કરેલ નહી. તેથી, પ્રતિવાદી એ તા.૨૦/૦૧/૨૦૨૦ ના રોજ સર્વે અંગેનો પત્ર વાદી શૈલેષભાઈ ડાયાભાઈ ને લેખિત અને તેમાં સર્વે અંગેની સ્પષ્ટતા કરેલ.

૩.૫ પ્રતિવાદી એ વાદી ના વિજ જોડાણ માટે તાંત્રિક રીતે શકયતાઓ તપાસી, અને લાઈન નો રી સર્વે કરેલ છે. પરંતુ, વાદી એ આજરોજ ફોરમ સમક્ષ જણાવેલ છે કે, સુચિત લાઈન હળવા વિજ દબાણ વાળી લાઈન ને ક્રોસ કરીને આપવાના હોય, તે સામે વાદી નો વાંધો છે.

૩.૬ વાદી તથા પ્રતિવાદી ની રજૂઆત તેમજ પ્રતિવાદીએ કરેલ રી સર્વે અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી ના હુકમ ને ધ્યાનમાં રાખતા જણાય છે કે, વાદી એ લીધેલ વાંધો યોગ્ય નથી અને પ્રતિવાદીને સૂચના આપવામાં આવે છે કે,વાદી ના વિજ જોડાણ માટેના ઉભી કરવી પડતી લાઈન તેમજ હયાત હળવા વિજ દબાણ ની લાઈન ને ક્રોસીગ વખતે સલામતી ના નિયમોને ધ્યાનમાં રાખી યોગ્ય અને પૂરતા પ્રમાણમાં બે લાઈન વચ્ચેનું કલીયરન્સ રાખી કામ કરવું.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar *

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૬ મુજબ વાદીએ લીધેલ વાંધો ગ્રાહય રાખવામાં આવતો નંથી અને પ્રતિવાદી એ તે મુજબ કાર્યવાહી કરવા હુકમ કરવામાં આવે છે. "**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**ગેર હાજર**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એમ. આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૧૬.૬.૨૦૨૦.**

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar